**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૨.૬ ડીગ્રી
લઘુતમ : ૨૪.૬ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૯૨ ટકા

# આજે અંગારક ચોથ : પિતૃ પક્ષની ચોથ

## પિતૃ પક્ષની ચોથ તિથિએ તે લોકોનું શ્રાધ્ધ, પીંડદાન, તર્પણ અને ધુપ-ધ્યાન કરવું જેમનું મૃત્યુ કોઈપણ મહિનાની ચોથ તિથિએ થયું હોય

ગાંધીનગર, તા.૧૨

મંગળવારે અંગારક ગણેશ ચોથ છે. હાલમાં જે પિતૃ પક્ષ ચાલી રહયો છે તે પક્ષની ચોથનું મહત્વ ખુબ જ વધારે છે. ૧૩મી તારીખના રોજ ગણેશજી અને મંગળ ગ્રહની પૂજા કરવી તથા પિતૃઓ માટે શ્રાધ્ધ કર્મ કરવું જોઈએ. આ દિવસે સર્વાર્થસિધ્ધિ યોગ રહેશે. આ યોગમાં કરવામાં આવતાં શુભ કામ જલ્દી સિધ્ધ થઈ જાય છે.

ચોથ તિથિએ ગણેશજી માટે વ્રત ઉપવાસ કરવામાં આવે છે. સવાર-સાંજ ગણેશ પૂજન કરવામાં આવે છે. મંગળવારે મંગળ ગ્રહ માટે પૂજા કરવામાં આવે છે. જયોતિષમાં મંગળ ગ્રહને ગ્રહોના સેનાપતિ માનવામાં આવે છે. આ ગ્રહની પૂજા શિવલીંગ સ્વરૂપમાં કરવામાં આવે છે. પિતૃપક્ષની ચોથ તિથિએ તે લોકોનું શ્રાધ્ધ, પિંડદાન, તર્પણ અને ધૂપ-ધ્યાન કરો જેમનું મૃત્યુ કોઈપણ મહિનાની ચોથ તિથિએ થયું હોય.પિતૃ પક્ષમાં દરરોજ બપોરે લગભગ ૧૨ વાગ્યે પિતૃઓ માટે ધૂપ-ધ્યાન કરવું જોઈએ. તેના માટે ખીર-પુરી, મીઠાઈ વગેરે સામગ્રી બનાવો. છાણા પ્રગટાવો અને છાણા ઉપર ગોળ-ઘી સાથે જ ભોજનનું ધૂપ આપો. જરૂરીયાતમંદ લોકોને દાન અને અનાજનું દાન કરવું જોઈએ.

### મેષ તથા વૃષભ રાશિના સ્વામી મંગળ દેવ

મંગળ મેષ અને વૃશ્ચિક રાશિના સ્વામી છે. અંગારક ચોથના દિવસે સૌથી પહેલા ગણેશ પૂજા કરો. તે પછી મંગળ ગ્રહને લાલ ફુલ ચઢાવો. શિવલીંગ ઉપર તાંબાના લોટાથી જળ ચઢાવવું, બીલીપત્ર સાથે જ લાલફુલ, લાલ ગુલાલ, મસુરની દાળ ચઢાવો. મંગળ માટે ભાત પૂજા કરો. આ પૂજામાં શિવલીંગનો પકવેલા ચોખાથી શ્રૃંગાર કરવામાં આવે છે. ભાત શ્રૃંગાર કર્યા પછી પૂજા કરવામાં આવે છે. પૂજામાં ઓમ અં અંગારકાય નમઃ મંત્રનો જાપ કરવો જોઈએ.



### પિતૃઓનું ધૂપ-ધ્યાન કરવું જોઈએ

પિતૃ પક્ષમાં દરરોજ બપોરે લગભગ ૧૨ વાગ્યે પિતૃઓ માટે ધૂપ-ધ્યાન કરવું જોઈએ. તેના માટે ખીર-પુરી, મીઠાઈ વગેરે સામગ્રી બનાવો. છાણા પ્રગટાવો અને છાણા ઉપર ગોળ-ઘી સાથે જ ભોજનનું ધૂપ આપો. તે પછી આ ભોજન ગાય, કૂતરા, કાગડાને ખવડાવો. પિતૃ પક્ષમાં જરૂરીયાતમંદ લોકોને દાન અને અનાજનું દાન કરવું જોઈએ.

### આ રીતે ગણેશજીની પૂજા કરવી

અંગારક ચોથના દિવસે સવારે સ્નાન કર્યા બાદ ગણેશજીને જળ ચઢાવવું. સિંદુર, દુર્વા, ફુલ, ચોખા, ફળ, પ્રસાદ, પૂજન સામગ્રી ચઢાવો અને ધૂપદીપ પ્રગટાવો.

ગણેશજી સામે વ્રત કરવાનો સંકલ્પ કરો. શ્રી ગણેશાય નમઃ મંત્રનો જાપ કરતા રહો, આરતી કરો.

જો વ્રત કરી રહયા છો તો આખો દિવસ અનાજનું સેવન ન કરો. ફળહાર કરો, પાણી, દુધ, ફળનો રસ વગેરેનું સેવન કરી શકો છો.

## જન્મદિને વધામણી



જિજ્ઞેશ જાની
મો. ૯૮૭૯૯ ૭૩૫૨૯



પ્રિયલ કે ગોર
મો. ૯૮૨૫૨ ૫૧૧૯૯



શ્રેયાંશ સુનિલકુમાર ખાંટ



નાયરા મુકેશભાઈ વાઘેલા



કશ્યપ માલીવાડ

## રેડક્રોસ દ્વારા અમરાપુર ખાતે થેલેસેમિયા પરીક્ષણ કેમ્પ યોજાયો



ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા આયોજિત રેડક્રોસ ગુજરાત રાજય શાખાના સંપૂર્ણ સહકારથી ગ્રામ સેવા ભારતી અમરાપુર તા.ગાંધીનગર ખાતે વિદ્યાર્થીઓનો થેલેસેમિયા પરીક્ષણ કેમ્પ યોજાયો હતો. જેમાં કુલ ૫૬ વિદ્યાર્થીઓનું પરીક્ષણ ટેકનીશીયન સંજયભાઈ અને ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. તા.૭ અને ૮ના રોજ માણસા એસ.ડી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં આ કેમ્પ યોજાયો હતો જેમાં ૭૦૭ વિદ્યાર્થીઓએ ટેકનીશીયન ટીમ પાસે પરીક્ષણ કરાવ્યું હતું. માણસા તાલુકા બ્રાન્ચ ચેરમેન દીનેશભાઈ વ્યાસે જવાબદારી નિભાવી હતી. રેડક્રોસ તાલુકા બ્રાન્ચના હોદેદારો અને કોલેજ પ્રિન્સીપાલ તથા સ્ટાફે થેલેસેમીયા અંગે જાગૃતિ લાવવા સેવા પુરી પાડી હતી.



Ignite પ્રિ- સ્કૂલમાં દાદા દાદીનો પૌત્રી પૌત્ર પ્રત્યેનો અપાર પ્રેમ ભાવનું એક દિવસઉજવવામાં આવ્યો હતો. દાદા દાદીનો દિવસ"એટલે કે "grand parents day"ની ઉજવણી કરવામાંઆવી હતી. જેમાં દરેક બાળકોના દાદા- દાદીઓએ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.બાળકો દ્વારા દાદા દાદીનું પૂજન કરાવવામાં આવ્યું હતું. દાદા દાદીઓને રમતો પણ રમાડવામાં આવી હતી. જીતેલા દાદાઓને ધાર્મિક પુસ્તક દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સિનિયર સિટીઝનોની આંખમાં બાળકોને જોઈ હરખના આંસુ આવી ગયા હતા.

## અરિહંત સ્કુલ ઓફ ફાર્મસી ખાતે બુસ્ટર ડોઝ માટે કેમ્પ



અરીહંત સ્કુલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરીસર્ચ ઈન્સ્ટીટયુટ અડાલજના એનએસએસ સેલ તથા એમકયોર ફાર્માસ્યુટીકલ્સ દ્વારા બુસ્ટર ડોઝ માટે રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં સંસ્થાના વિદ્યાર્થીઓ તથા સ્ટાફ મિત્રોને રસી આપવામાં આવી હતી.કેમ્પમાં કુલ ૧ ૩૫ લોકોએ રસી લીધી હતી.




સરકારી વાણિજ્ય કોલેજ ગાંધીનગરના વિદ્યાર્થીઓ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીમાં રહેલ સાદગી, સરળ જીવન અને તેમનાં સિધ્ધાંતો સમજે તે માટે એનએસએસ કોઓર્ડીનેટર પ્રો. મનસુખ રાઠોડે વિદ્યાર્થીઓને લઈને ગાંધીનગર માં આવેલ દાંડીકુટિરની મુલાકાત લીધી હતી. જે દરમિયાન તેઓએ મહાત્મા ગાંધીજીના જીવન, કવન તેમજ એમના સત્યાગ્રહો વિશે માહિતી મેળવી હતી. કોલેજના આચાર્ય ડૉ. એ.એન.સુતરીયાએ વિદ્યાર્થીઓને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના સિધ્ધાંતોને પોતાના જીવનમાં આત્મસાત કરવા અનુરોધ કર્યો હતો.

## પેથાપુર બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા મહેંદી હરીફાઈ યોજાઈ



ગાંધીનગર, તા.૧૨

પેથાપુર બ્રહ્મસમાજ મહિલા પાંખના મેહેંદી હરિફાઈનો પોગ્રામ રાખવામાં આવી હતી. જેમાં શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ, ગાંધીનગર મહિલા પાંખના પ્રમુખ પ્રવિણાબેન વોરા, વિમળાબેન અયાચી, સમસ્ત બ્રહ્મ સમાજ રાજયકક્ષાના ઉપપ્રમુખ નીલાબેન શુક્લ તથા બ્રહ્મ સમાજ ગાંધીનગરના મંત્રી મુકેશભાઈ શુક્લ હાજર રહેલ હતા. પ્રોગ્રામનું સંચાલન પેથાપુર બ્રહ્મ સમાજ, મહિલા પાંખના પ્રમુખ તથા કારોબારી સભ્યોએ કરેલ હતુ.

### શારદા સ્કુલ ઓફ ફાર્મસીનું ગૌરવ



જીટીયુ-૨૦૨૨ની એમ. ફાર્મ. સેમેસ્ટર-૨ની યુનિ.ની પરીક્ષામાં શારદા સ્કુલ ઓફ ફાર્મસી કોલેજના વિદ્યાર્થી પટેલ શુભ ભરતભાઈએ ૮મું સ્થાન યુનીવર્સીટીમાં પ્રાપ્ત કરી કોલેજ નુંનામ રોશન કરેલ છે. જે બદલ કોલેજના મેનેજીંગ ટ્રસ્ટી ડો. નરેશ કે. પટેલ તથા ટ્રસ્ટી ડો. યોગેશ કે. પટેલ અને સ્ટાફ મિત્રો અભિનંદન આપે છે.

## એમ.બી.પટેલ સ્કુલ ખાતે સામાજિક વિજ્ઞાન અંતર્ગત વેશભૂષાનું આયોજન



ગાંધીનગર, તા.૧૨

એમ.બી.પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કુલ સે-૨૩માં ધો.૬ની વિદ્યાર્થીનીઓ દ્વારા સામાજિક વિજ્ઞાન વિષય અંતર્ગત સૌરમંડળના જુદાજુદા ગ્રહોની વેશભૂષાનું આયોજન કરાયું હતું. કાર્યક્રમનું આયોજન શાળાના શિક્ષક સુધાબેન પટેલ, સતીષભાઈ પટેલ, પ્રવિણભાઈ પટેલ દ્વારા કરાયું હતું. જેમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને શાળાના આચાર્યા નીરૂબેન પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

## અક્ષરધામ ખાતે આર્ષ ત્રૈમાસિક પ્રવચનશતક સમારોહ

ગાંધીનગર, તા.૧૨

'આર્ષ' શોધ સંસ્થાન, અક્ષરધામ, ગાંધીનગર દ્વારા વિશ્વવંદનીય સંત પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને પ. પૂ. મહંતસ્વામી મહારાજના કૃપાશિષ હેઠળ છેલ્લા (૧૯૯૭-૨૦૨૨) ૨૫ વર્ષથી ગંગાના પ્રવાહની જેમ વહેતી આર્ષ પ્રવચનમાળામાં ભારતીય મૂલ્યોનું સંવર્ધન થાય, તે હેતુને લક્ષ્યમાં રાખીને વિદ્વાનો દ્વારા વ્યક્તિવિશેષ, સામાજિક સમસ્યા, દર્શન-ચિંતન અને શાસ્ત્ર - વિષયો આવરી ત્રૈમાસિક પ્રવચનનું આયોજન કરવામાં આવે છે. સને ૧૯૯૭ થી પ્રારંભ થયેલ આર્ષ ત્રૈમાસિક પ્રવચનમાળામાં અત્યાર સુધી ૯૯ પ્રવચનોનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવેલ છે, આગામી ૧૦૦માં પ્રવચન પૂર્વે આર્ષ ત્રૈમાસિક પ્રવચનશતક સમારોહની વિશેષ સભાનું આયોજન આર્ષ શોધ સંસ્થાન દ્વારા હરિમંદિર સભાગૃહ, ગેટ નં.૧૦, અક્ષરધામ, ગાંધીનગર ખાતે તા.૧૧મીએ રવિવારના રોજ કરવામાં આવ્યું હતું. આ વિશેષ પ્રવચનશતક સમારોહ સભામાં અતિથિવિશેષ તરીકે અમદાવાદના વરિષ્ઠ પત્રકાર, કટારલેખક અને રાજકીય વિશ્લેષક, મણીલાલ એમ. પટેલ તેમજ ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રી શ્રી કૃષ્ણકાંત જહા, આર્ષ શોધ સંસ્થાન, સ્વામિનારાયણ અક્ષરધામ, ગાંધીનગરના નિયામક ડૉ. પ્રો. પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામી તેમજ અક્ષરધામ ગાંધીનગરના મહંત પૂ. આનંદસ્વરૂપદાસ સ્વામી વગેરે મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા.



અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત અમદાવાદના વરિષ્ઠ પત્રકાર મણીલાલ પટેલે જણાવ્યું હતું કે, આર્ષના ૧૦૦ પ્રવચન નહીં, પણ જ્ઞાનયજ્ઞો થયેલા કહેવાય. ભારતીય સંસ્કૃતિનું પોષણ કરનાર પ્રવચનો આર્ષ દ્વારા થયેલા છે. જેમાં યુવા વક્તાઓએ લાભ આપ્યો છે અને યુવા શ્રોતાઓએ લાભ પ્રાપ્ત કર્યો છે. આજનો ૧૧ સપ્ટેબરનો દિવસ એટલે સ્વામી વિવેકાનંદજીએ શિકાગોમાં આપેલ પ્રવચનનો વિશેષ દિવસ છે. ગુલઝારીલાલ નંદા, સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલ, સરદાર પટેલ વગેરે વ્યક્તિવિશેષ પર થયેલા પ્રવચનો દ્વારા ચારિત્ર્ય નિર્માણનું કાર્ય થયેલું છે તે અદ્ભૂત છે તેમ જણાવ્યું હતું. પ્રવચનશતક સમારોહમાં મુખ્ય અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત ગાંધીનગર સમાચારના મેનેજીંગ તંત્રીશ્રી, શ્રી કૃષ્ણકાંત જહાએ જણાવ્યું હતું કે, સારાં કામ થતાં હોય તે અમારા સમાચારપત્રમાં છપાય તે ઘણું સારું છે અને તેવા કામ આર્ષ દ્વારા થાય છે તેનો આનંદ છે. આર્ષ દ્વારા સારા પ્રવચનો થાય છે તેના સદભાગી થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. ધર્મ એ જીવનનો ભાગ છે. આ વ્યાખ્યાનો વૈચારિક કાંતિનું ઉદ્ભવ સ્થાન છે. અક્ષરધામનું પુણ્ય આવા વ્યાખ્યાનોથી પ્રાપ્ત થાય છે. વળી તેમણે જણાવ્યું કે - નહીં છાપવાનું તો ઘણું મળી રહે છે પરંતુ સમાચારપત્રમાં છાપવાલાયક કાર્ય અક્ષરધામની આર્ષ ત્રૈમાસિક પ્રવચનમાળા કરે છે. રામાયણ, ગીતાની વાત કરવી સરળ છે પરંતુ જીવનમાં કેવી રીતે જીવવું તે આ વ્યાખ્યાનમાળા શીખવે છે. આ વ્યાખ્યાનમાળાથી ઊર્જા પ્રાપ્ત થાય છે અને જીવન જીવવાની પ્રેરણા મળે છે. સમાજના છેવાડાના માણસને જ્ઞાન પ્રાપ્ત થાય તેવી કામગીરી આર્ષ દ્વારા થાય છે. પ્રવચનના અંતમાં આશીર્વાદ સહ પ્રસંગોચિત વાત કરતાં અક્ષરધામ મંદિરના મહંતશ્રી, પૂ. આનંદસ્વરૂપદાસ સ્વામીએ જણાવ્યું હતું કે, માણસ ભગવાનમાં વિશ્વાસ રાખીને પરિશ્રમ કરે તેનું મૂર્તિમાન સ્વરૂપ એટલે કૃષ્ણકાંત જહા. ગુલઝારીલાલ નંદા, રવિશંકર મહારાજ અને સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલ એ બધા ધોળે કપડે સાધુ જેવા હતા. તેમનું જીવન સાદું, સરળ હતું. તેમનામાં કોઈ પણ અહંકાર ન્હોતો એટલા નિખાલસ હતા. જેમ સ્વામી વિવેકાનંદને તેમના ગુરુ રામકૃષ્ણ પરમહંસનું બળ હતું તેમ આર્ષ ત્રૈમાસિક પ્રવચનમાળામાં પહેલેથી જ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ પ્રાપ્ત થયેલા છે. આર્ષ ત્રૈમાસિક પ્રવચનમાળા સતત ૯૯ પ્રવચન સફળતાપૂર્વક ચલાવવા બદલ આર્ષ નિયમાક પૂ. શ્રુતિપ્રકાશદાસ સ્વામી અને આર્ષના સૌ સેવા આપતા સ્વયંસેવકોનો તેમણે આભાર માન્યો હતો. સેમિનારમાં મોટી સંખ્યામાં આમંત્રિતો તેમજ શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ગૌરવ ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું અને સભાના અંતમાં આર્ષના કચેરી અધીક્ષક પ્રશાંત ભટ્ટે આભારવિધિ કર્યો હતો.

## મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે સર્ટીફીકેટ વિતરણ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૨

મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે શિક્ષક દિન અંતર્ગત શિલ્ડ એનાયત અને સર્ટીફીકેટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થી આચાર્ય, વિદ્યાર્થી શિક્ષકને શીલ્ડ સાથે સર્ટીફીકેટ અને અન્ય ૨૮ શ્રેષ્ઠ વિદ્યાર્થી શિક્ષકોને પણ સર્ટીફીકેટ અને પેનનું વિતરણ કરાયું હતું. મનપાના કોર્પોરેટર પદમસિંહ ચૌહાણ અને ગૌરાંગ વ્યાસ તથા કોઓર્ડીનેટર નટુભાઈ, આચાર્ય એચ.એન.પટેલ ઉપસ્થિત રહયા હતા. સમગ્ર કાર્યક્રમ શિક્ષક મિત્રોના સહયોગથી સંપન્ન થયો હતો. આ કાર્યક્રમમાં કુલ ૩૭૫ જેટલા ધો.૯થી ૧૨ના વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ.ઠાકોર નથુજી શનાજી** ઉ.વ.૬૮, આમજા, માણસા
- **સ્વ.વાઘેલા ધર્મિષ્ઠાબેન ચંદ્રકાંત** ઉ.વ.૨૩, લિમ્બોદ્રા, માણસા
- **સ્વ.મોચી નેમચંદભાઈ ત્રિભોવનભાઈ** ઉ.વ.૮૧, પેથાપુર
- **સ્વ.ઠાકોર પ્રહલાદજી ફકીરજી** ઉ.વ.૭૪, પેથાપુર
- **સ્વ.ભરવાડ બધીબેન રેવાભાઈ** ઉ.વ.૭૪, દશેલા
- **સ્વ.સોલંકી જયેશકુમાર માધાભાઈ** ઉ.વ.૨૭, સેકટર-૨૪
- **સ્વ.શ્રીમાળી મીનાલ કાલીકારંજન** ઉ.વ., કુડાસણ
- **સ્વ.ઠાકોર જશુજી ચંદુજી** ઉ.વ.૪૯, શિહોલી મોટી
- **સ્વ.રાઠોડ કમળાબા હઠુસિંહ** ઉ.વ.૮૯, દોલારાણાવાસણા

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ.ઠાકોર પ્રશાંતભાઈ સુભસિંહ** ઉ.વ.૫૫, સેકટર-૪
- **સ્વ.શ્રીમાળી રિંકલબેન જયકુમાર** ઉ.વ.૨૫, રવિસણ